RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-09
September -2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# જેન્ડર અને સ્ત્રી દરજ્જા અને ભૂમિકાની સમીક્ષા

ડૉ. દિનેશ જે. કણઝરિયા

*અધ્યક્ષ : સમાજશાસ્ત્ર વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા, અમદાવાદ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 07 September 2018

**Keywords**
*દરજ્જાના બંધારણના, ઐતિહાસિક, ધ્યકાલીન યુગ, બ્રિટિશ યુગ*

***Corresponding Author**
Email: *dinesh.umiya[at]gmail.com*

**ABSTRACT**

*સ્ત્રી અને પુરુષોની વચ્ચે અસમાનતાની માત્રા વધુ જે આવું તેના દરજ્જાના બંધારણના સંદર્ભમાં કહી શકાય. મૈત્રીય કૃષ્ણરાજે* Contribution to Women's Studies Series *વિભાગ-૩માં દરજ્જાની વિભાવના નીચે મુજબ સમજાવી છે. તેમના મતે -*

*દરજ્જાની વાતમાં કોઈને કોઈ તુલના હોય છે. સ્ત્રીનો દરજ્જો પુરુષના સંદર્ભમાં જોવાય છે. ઐતિહાસિક કાળક્રમના સંદર્ભમાં જોવાય છે. ઐતિહાસિક કાળક્રમના સંદર્ભમાં જોઈએ તો વૈદિકયુગ, અનુવૈદિક યુગ મધ્યકાલીન યુગ, બ્રિટિશ યુગ આઝાદીના સમયનો યુગ અને વર્તમાન યુગમાં નારીનો દરજ્જો બદલાતો આવ્યો છે. એવી જ રીતે નગર, ગ્રામીણ, અને આદિવાસી સમૂહ, જુદા-જુદા આર્થિક વર્ગ, ધર્મ, જ્ઞાતિ, પ્રાદેશિક ભિન્નતાથી માંડી વૈશ્વિક સ્તરે સ્ત્રી અને પુરુષના દરજ્જામાં જોવા મળતો તફાવત જેન્ડરનો તફાવત સર્જે છે.*

*સ્ત્રી અને પુરુષોના દરજ્જામાં અસમાનતા હોવાથી વિવિધ ક્ષેત્રે જેમ કે વ્યવસાય, આર્થિક વગેરેમાં તફાવત જોવા મળે છે. સ્ત્રીનું સ્થાન નીચું જોવા મળે છે, તેના પર પુરુષ સત્તા ધરાવે છે. સ્ત્રી પર હિંસા, દબાણ, અને તેનું શોષણ થતુ જોવા મળે છે. દરજ્જાનું બીજું પાસુ છે બહુપરિણામીય. અમુક ક્ષેત્રમાં સ્ત્રીનું સ્થાન ઊંચું હોઈ શકે છે, પરંતુ તેને પુરુષસમાન હક્કોનો મળતા નથી. ભારતમાં સામાજિક સ્તરે સ્ત્રીનો દરજ્જો નીચો જોવા મળે છે. તેમાં પણ અમુક જ્ઞાતિમાં તો સ્ત્રીઓ ઉપર ખૂબ જ પ્રતિબંધો પણ જોવા મળતા હોય છે.*

### સત્તાની વિભાવના :

*સત્તાની સાથે બાહ્ય પારદર્શિકતા સંકળાયેલી છે. સત્તાના પાસાને સમજવા માટે સ્ત્રીના જીવનને અને લૈંગિક સંબંધોને સમજવું આવશ્યક છે.*

*સામાજિક સત્તામાં પુરસ્કાર સ્થાનપ્રાપ્તિ અને નિષ્ણાત તરીકેની સત્તા, આવડત - આધારિત સત્તા અને કાયદેસરની સત્તા મહત્ત્વના આધાર છે.*

*જેન્ડરના સંદર્ભમાં જોઈએ તો જ્યારે સ્ત્રીના ઊંચા દરજ્જા નીચે પુરુષને કામ કરવું પડે છે ત્યારે પુરુષને કામ કરવું ઓછું ગમે છે, જ્યારે વધું પુરુષોની સંસ્થામાં એક સ્ત્રી અધિકારી ઉપર સ્થાન પર હોય છે ત્યારે તેને પ્રતિકાત્મક સ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે.*

*સત્તા સાથે પ્રભાવ સ્વાયતત્તા, સ્પષ્ટ નિર્ણયશક્તિ, સમુદાયની સત્તાકીય માળખાપદ્ધતિમાં મળતી સત્તા કોઈને સજા કે આશીર્વાદ આપવાની સત્તા, વગેરે મહત્ત્વના છે.*

*સ્નેહભાવ જ્યાં વ્યક્ત થાય છે ત્યાં સત્તા ત્યાગીને સમભાવ લાવી શકાય છે. બીજાનો પ્રતિકાર અને બીજાઓને પ્રભાવિત કરવા માટે સત્તા આવશ્યક છે. આ દૃષ્ટિએ સત્તાના સંદર્ભમા પ્રત્યક્ષ અને પરોક્ષ સત્તા બંને મહત્ત્વની છે.*

### જેન્ડર લર્નિંગ

*જેન્ડર લર્નિંગ એટલે વ્યક્તિ જ્યારે છોકરા કે છોકરી તરીકે જન્મે છે ત્યારે જેન્ડ સામાજિકીકરણ અને જેન્ડર ઓળખ આધારિત પ્રક્રિયા છે જે જન્મથી મૃત્યુપર્યંત ચાલ રહે છે.*

*બાળકો સાથે કમ્યુનિકેશન સ્કિલ કેવી રીતે વિકસાવી શકાય એની અસરકારક રજૂઆત એ તેમના અભ્યાસના એક પુસ્તકમાં કરી છે જેનું નામ છે*

*જેન્ડર લર્નિંગ કે ટ્રેનિંગનો ખ્યાલ સ્ત્રી અને પુરુષ બને સાથે સંબંધ ધરાવે છે. બાળકને જન્મથી તાલીમ આપવી જરૂરી છે અને તેના માટે કોચ પણ આવશ્યક છે. બાળક પોતાની શક્તિઓ ખીલવવાની શરૂઆત બાળક પારણામાં સૂતું હોય ત્યારથી થાય છે. બાળકનો નિકટનો સંબંધ તેની માતા સાથેનો હોય છે. માતા તેને બધું શીખવે છે. આમ, શીખવવાની પ્રક્રિયા જીવનભર ચાલતી રહે છે.*

### જેન્ડર ગેપ :

*સ્ત્રી અને પુરુષ વચ્ચે રહેલી સમાનતા કે અંતરને જેન્ડર ગેપ કહેવાય. પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓના હક્કે માટે લડત ચલાવવામાં આવી તેમાં પણ ખાસ કરીને સ્ત્રીના મતાધિકારનો હક્ક અને વિવિધ જાહેર સંસ્થાઓમાં સ્ત્રીઓને આગેવાન બનાવાનો હક્ક માટે ચળવળ શરૂ કરવામાં આવી. કારણ કે તેમાં જેન્ડર ગેપ જોવા મળતો હતો. કેટલાક દેશોમાં તેને સફળતા મળી પરંતુ કેટલાક દેશોમાં તેને સફળતા ન મળી.*

RRIJM 2015, All Rights Reserved

### સમતા અને સમાનતા

સમતા અને સમાનતા આ બંને જેન્ડર સાથે સંબંધ ધરાવે છે. સમતાને અંગ્રેજીમાં અને સમાનતાને કહેવામાં આવે છે. સમતા અને સમાનતા બે નજીકના અર્થો ધરાવતી વિભાવના છે. આ બંને વચ્ચે પાતળી ભેદ રેખા રહેલી છે. સમાનતા એટલે કદ, રકમ, કિંમત, તીવ્રતા, પ્રતિષ્ઠા, સ્થાન કે વિશેષાધિકાર, સત્તા, લાયકાત, અને પ્રાપ્તિ કે ઉમદાપણા જોખમી સ્થિતિમાં સમાનતાની સ્થિતિ. સમાનતાનો ઉદ્ભવ રોમન માં તેના કાનૂની અર્થઘટનમાં થયો. વિશ્વમાં ઓગણીસમી સદીમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા થઈ. આ સમયગાળામાં કામદારોએ પોતાના આર્થિક અને સામાજિક માટે આ વિભાવનાઓ છૂટથી ઉપયોગ કર્યો.

### જેન્ડર અસમાનતા

ભારતમાં વૈદિકયુગમાં સ્ત્રીનો દરજ્જો નીચો ન હતો. સ્ત્રી ગૃહના દરેક કાર્યમાં ભાગ લઈ શકતી હતી. ઋગ્વેદ કે ગૃહ સૂત્રમાં પત્નીએ પતિની આજ્ઞાનું પાલન કરવું જોઈએ એવો આદેશ કરવામાં આવ્યો ન હતો. સ્ત્રી પ્રત્યેક ધાર્મિક વિધિમભાગ લઈ શકતી હતી. પતિના મૃત્યુબાદ પુનઃલગ્ન કરી શકતી, અપરણિત સ્ત્રી પિતાના મિલકતમાં સામાન ભાગ ધરાવતી, પરંતુ આર્યોના આગમન બાદ સ્ત્રીનું સ્થાન નીચુ થવા લાગ્યું. બ્રિટિશયુગ સમાજસુધારકો અને કાનૂનીકરણને લીધે સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવવા લાગ્યું હતું. પુરુષનું સ્થાન તો ઊંચું જ રહેવા પામ્યું. ઉત્પાદન, વહીવટ એ ધાર્મિક બાબતોમાં પુરુષોનું વર્ચસ્વ વધ્યું અને માનવજાતિને ઉત્પન્ન કરવાની અને ટકાવી રાખવાની સ્ત્રીઓની જૈવકીય ક્ષમતાને લીધે સ્ત્રીની ભૂમિકા ઘર સુધી મર્યાદિત બની.

ટૂંકમાં, વિશ્વના લગભગ બધા જ સમાજોમાં સ્ત્રીનો સ્થાન પુરુષ કરતા નીચું જોવા મળે છે. કેટલાક સમાજોમાં સ્ત્રી-પુરુષમાં થોડી સમાનતા જોવા મળે છે. આવી સમાનતા ખાસ કરીને મૂડીવાદી દેશોમાં જ જોવા મળતી હોય છે.

### લિંગભેદ અને જેન્ડરભેદ

સ્ત્રી-પુરુષના લિંગભેદ અને જેન્ડરભેદ આ બંનેને એક જ ગણી લેવામાં આવે છે, પરંતુ આ બંનેમાં તફાવત રહેલો છે. સ્ત્રી અને પુરુષમાં સામાજિક લિંગની વિશિષ્ટતા રહેલી છે. જેમકે વસ્ત્રો, શિક્ષણનો અધિકાર, આત્મનિર્ભરતા, સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ આ પુરુષોમાં જોવા મળે છે, જ્યારે સ્ત્રીઓમાં સહનશીલતા, નિર્ભયતા, નિષ્ક્રિયતા, સુરક્ષિતતા, સમર્પણ, આજ્ઞાનું પાલન, આધીનતા વગેરે જોવા મળે છે.

જૈવિકીય રીતે બાળક સ્ત્રી છે કે પુરુષ તે લિંગભેદ છે. જ્યારે સ્ત્રી અને પુરુષ તરીકે બાળકના ઉછેર, દરજ્જો અને રાખવામાં આવતી અપેક્ષાઓ જેન્ડરભેદ છે. સ્ત્રી-પુરુષનો લિંગ-ભેદ કુદરતી છે, પરંતુ જેન્ડરભેદ એ સમાજે ઊભો કરેલો છે.

ભારતના બંધારણમાં સ્ત્રીઓના વિકાસ માટે અને સ્ત્રી-પુરુષ અસમાનતા ઘટાડવા માટે અનેક કાનૂનો અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે, જેથી જેન્ડર અસમાનતાને ઘટાડી શકાય.

### જેન્ડર ભૂમિકા

સ્ત્રીઓ અને પુરુષોની ભૂમિકામાં તફાવત જોવા મળે છે. સ્ત્રીઓ-પુરુષો કરતા ઊતરતી છે કે ઓછું કામ કરી શકે છે એવું નથી. પુરુષો કરતા સ્ત્રીઓ એક કરતા વધુ ભૂમિકા સરળતાથી નિભાવી શકે છે. સંતાનને જન્મ આપવાનું કઠિન કાર્ય પણ સ્ત્રીઓ સરળતાથી કરે છે. અને સાથે-સાથે ગૃહ અને વ્યવસાયમાં પણ તે વધુ કાર્ય કરી શકે છે. મુશ્કેલીના સમયમાં તો સ્ત્રીઓ વધુ પડતી કાર્યશીલ બને છે, પરંતુ ઘણી બાબતોમાં સ્ત્રીઓને આપણે આગળ વધવા વેગ આપવો પડે છે.

ટૂંકમાં, સ્ત્રીઓ પુરુષો કરતા વધુ સમય કાર્ય કરી શકે છે અને પોતાની વિવિધ ભૂમિકાઓ સારી રીતે અને સરળતાથી ભજવી શકે છે.

### સત્તા જેન્ડર રીલેશન (Gender Relation) :

જેન્ડર શ્રમવિભાજનમાંથી જેન્ડર રીલેશનશિપનો ઉદ્ભવ થાય છે. આવા સંબંધો સહકારના પણ હોઈ શકે છે, અને સંઘર્ષના પણ હોઈ શકે છે. કુટુંબમાં સ્ત્રીઓ અમુક સત્તા પોતાના હાથમાં અવશ્ય લે છે. 'પિતૃસત્તા' કુટુંબ વ્યવસ્થામાં જેન્ડર, સંબંધોનું માળખું સરખું જોવા મળે છે. ટૂંકમાં, જાહેરજીવનમાં અને કુટુંબજીવનમાં જેન્ડર સંબંધોમાં સત્તા અને તાબેદારીના સંબંધો મહત્ત્વના હોય છે.

### જેન્ડર આધારિત શ્રમવિભાજન :

સ્ત્રી અને પુરુષ એ કોઈપણ સમાજના મહત્ત્વના અંગ છે. સ્ત્રી અને પુરુષ આ બંને એકબીજાથી કેવી રીતે જોડાયેલા છે અને કઈ-કઈ બાબતોમાં જુદાપણું જોવા મળે છે તે જાણવું આવશ્યક છે. સ્ત્રી અને પુરુષમાં સાર્વત્રિક રીતે શ્રમવિભાજન જોવા મળે છે. જેમાં પ્રજોત્પત્તિ અને એ કુદરતી કે જૈવિક તફાવત ઉત્પન્ન કરે છે. આર્થિક કે સામાજિક કાર્યોમાં પણ સ્ત્રી અને પુરુષનું શ્રમવિભાજન જોવા મળે છે. નીરા દેસાઈ આ સંદર્ભમાં પિતૃસત્તાના સ્વરૂપના આધારે જણાવે છે કે :

"પિતૃસત્તાક કુટુંબ ખેતીપ્રધાન છે કે ઉદ્યોગપ્રધાન, કામની વહેંચણી જાતિ પ્રમાણે કેવી રીતે થઈ છે, સ્ત્રી અને પુરુષના કયા-કયા કાર્યો છે, સ્ત્રી બહાર આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, પરંતુ તે અમુક વ્યવસાય કરે, સ્ત્રીથી હળ ખેતી ન કરી શકાય. સમાજનાં પુરુષનું સ્થાન ઊંચું અને સ્ત્રીનું સ્થાન ઊતરતું, આ બધી બાબતો પિતૃસત્તાના સ્વરૂપમાં જોઈ શકાય છે."

૧૭મી અને ૧૮મી સદીમાં અમેરિકા ઔદ્યોગિક ક્રાંતિપૂર્વેના યુરોપ જેવું હતું. જેમાં સ્ત્રીની આત્મનિર્ભરતા અને આર્થિક ક્ષેત્રે તેનું મહત્ત્વ ગણવામાં આવતું હતું. સ્ત્રીઓ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી શકતી. જેમ કે દુકાનો, નર્સ, શિક્ષણ, બિઝનેસ વગેરે કરી શકતી હતી, આ સમયમાં કોઈ વ્યક્તિ કામ વગર રહેતું નહીં. કુટુંબજીવન એ ઉત્પાદનની પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન હતું.

સામાજિક બંધારણમાં બે જાતિઓ વચ્ચેનો વિરોધાભાસ તીવ્ર બન્યો અને જાતીય ભેદભાવ સામેનો જુવાળ ઊભો થયો. ઈ.સ. ૧૮૪૮માં ન્યૂયૉર્કમાં ૩૦૦ સ્ત્રીઓ અને પુરુષો ભેગા થયા અને તે જ્યા ભેગા થયા હતા તે સ્થાનનું નામ 'સેનેકા ફોલ્સ' છે. ત્યારે તેમણે એક 'ડેકલેરેશન ઑફ સેન્ટિમેન્ટ' રજૂ કર્યું. જેમાં સ્ત્રી પ્રત્યે આચરવામાં આવતા ભેદભાવને અટકાવવાની હિમાયત કરવામાં આવી.

૧૯મી સદીના મધ્યભાગના નિવાસ કરતી પશ્ચિમ બંગાળના ઉત્તર પ્રદેશમાં હિમાલયની તળેટીમાં મીકીઝ અને ધીમલ્સ જાતિઓ એ 'રખડુ ખેડૂતો' તરીકે જીવન વિતાવતા હતા. તેઓ તેમનું કૃષિ સ્થાન બદલતા રહેતા. તેમના પાસે ખેતીના ખૂબ ઓછા સાધનો હતા. આ

લોકોમાં સ્ત્રી-પુરુષો ભેદભાવ ન હતો. વ્યવસાયમાં સ્ત્રી અને પુરુષની ભાગીદારી સરખી રહેતી હતી.

સ્ત્રી અને પુરુષના શ્રમવિભાજનમાં એવું પણ જોવા મળે છે કે સ્ત્રી-પુરુષ કરતા વધુ કામ કરે છે, પરંતુ પરિણામે તેના પર હિંસા આચરવામાં આવે છે. એક ઉદાહરણ જોઈએ તો પંજાબમાં હરિયાળી ક્રાંતિવાળા વિસ્તારોમાં આખા દિવસમાં શ્રમ-મજૂરી કર્યા બાદ સ્ત્રીઓ એમના ઘરે પછી આવીને પતિની સેવા કરે છે, પરંતુ બદલામાં સ્ત્રી પર અત્યાચાર કરવામાં આવે છે. આ બાબત ગોવિંદ કેતકર (૧૯૮૧)ના અભ્યાસમાં જોવા મળે છે.

પુરુષે સ્ત્રીની ઉત્પાદકતા ગૃહ અને બહાર આ બંને જગ્યાએ નિયંત્રિત કરી છે, સ્ત્રી જો વ્યવસાય કે નોકરી કરતી હોય તો પણ તેને ઘરનું કાર્ય તો કરવું જ પડે છે. સ્ત્રીને વ્યાવસાયિક ક્ષેત્રે કામ ઓછું આપી વળતરમાં ભેદભાવ રાખવામાં આવે છે અને ઉત્પાદકતાની તાલીમથી વંચિત રાખીને તેની ઉત્પાદકતા નિયંત્રિત રાખવામાં આવે છે. સ્ત્રીનું ક્યારેક-ક્યારેક વ્યવસાયના સ્થાન પર શોષણ પણ થતું જોવા મળે છે. સ્ત્રીનું જ્ઞાન, શિક્ષણ, તાલીમ એ રોજગાર માટે મહત્ત્વના છે, પરંતુ માલિકોનું વલણ અને કુટુંબનું વલણ પંરપરાગત અને રૂઢિગત વલણ હોવાથી સ્ત્રી ઉપર નિયંત્રણ રાખવામાં આવતું હોય છે.

દરેક સમાજમાં શ્રમજીવી સ્ત્રી, મધ્યવર્ગની સ્ત્રી અને શ્રીમંત ગૃહની સ્ત્રી આ બધી જ સ્ત્રીઓમાં તફાવત જોવા મળે છે. બહુવિધ ભૂમિકામાં સ્ત્રીને કુટુંબનો જેટલો સહયોગ અને હકારાત્મક પ્રતિભાવ મળે છે. સ્ત્રીઓ એટલું જ સારું કાર્ય કરી શકે છે. આ દષ્ટિએ જોતા કહી શકાય છે : વિશ્વના બધા જ સમાજોમાં સામાજિક જૂથોમાં, વર્ગોમાં સ્ત્રી અને પુરુષના શ્રમવિભાજન માટે પરંપરાગત ભૂમિકા પ્રવર્તે છે.

RRIJM 2015, All Rights Reserved 